એક્સપ્રેસ ગ્રૂપનું દૈનિક

સમકાલીન

રવિવારની આવૃત્તિ, સાપ્તાહિક પુરવણી અને વરાઈટી સાથે

પાનાં ૧૬ વત્તા ૮ (વરાઈટી) મુંબઈ રવિવાર ૨૬ સપ્ટેમ્બર ૧૯૯૩ Rs. 2

એક આધાર

નોધારા પાગલોને સાંપડ્યો

પારુલ દલાલ

મુંબઈ દૂરદર્શન પર 'આપણ યાલા પાહિલાન કા?' કાર્યક્રમમાં શાકીબ આલમનો સોહામણો ચહેરો વારંવાર દર્શાવાતો. પુણેની કૉલેજમાં એગ્રિકલ્ચર અને હૉર્ટિકલ્ચરના વિષય સાથે બીએસસી થયેલો આ વિદ્યાર્થી તેની હૉસ્ટેલમાંથી ગુમ થયો હતો. પટનાના અત્યંત પ્રતિષ્ઠિત ખાનદાન પરિવારના પુત્ર એવા શાકીબનો પત્તો મેળવવા તેનાં માબાપ અને કુટુંબીજનોએ આકાશપાતાળ એક કર્યાં. અનેક છાપાંઓમાં તેમણે જાહેરાત કરી, ટીવી-રેડિયો પરથી પણ પ્રસારણ કરાયું, પણ કોઈ ભાળ મળી નહિ. સતત મહિનાઓ સુધી રસ્તા પર લઘરવઘર હાલતમાં ભટકનાર શાકીબ તેના સારા નસીબે બોરીવલીના ડૉ. ભરત વટવાનીની નજરે ચઢ્યો ત્યારે તેનું શરીર હાડપિંજર જેવું થઈ ગયું હતું અને માનસિક અસ્થિરતાને કારણે તે છેલ્લા મહિનાઓથી અત્યંત દુર્દશામાં જીવી રહ્યો હતો. બે મહિના સુધી ડૉ. વટવાનીના શ્રદ્ધા રિહેબિલિટેશન ફાઉન્ડેશનમાં મનોચિકિત્સા લીધા બાદ તેણે પોતાના ઘરનું સરનામું બતાવ્યું ત્યારે ખબર પડી કે સ્નાતક કક્ષાનો અભ્યાસ કરનાર આ યુવક ખૂબ પ્રતિષ્ઠિત પરિવારનો પુત્ર છે. બિહારના પટના શહેરમાંથી પ્રકાશિત થતા ઉર્દૂ સાપ્તાહિક શમા-એ-બિહારના તંત્રીનો ભત્રીજો એવો શાકીબ ઑલરાઉન્ડર પ્રકારનું વ્યક્તિત્વ ધરાવતો હતો. ડૉ. વટવાનીના મતે 'અંગ્રેજી અને ઉર્દૂ ભાષા પર તે એટલું પ્રભુત્વ ધરાવતો હતો કે કોઈ પણ છક થઈ જાય. સ્કિઝોફ્રેનિયાની બીમારીએ તેને અસ્વસ્થ બનાવ્યો હતો, પણ આખરે તે સાજો થઈ ગયો. અત્યારે તે બિલકુલ સ્વસ્થ છે અને મને નિયમિત પત્ર પણ લખે છે.' શાકીબની જે તસવીર ટીવી પર અને અખબારોમાં પ્રસિદ્ધ થઈ હતી તે તસવીર જોયા બાદ તેને પાગલ અવસ્થામાં કોઈ ઓળખી શકે તેમ જ ન હતું. આવું જ શ્રદ્ધામાં આવતા મોટા ભાગના કિસ્સાઓમાં બને છે. રસ્તા પર અર્ધપાગલ અવસ્થામાં રખડતા નિરાધાર લોકોની દયાજનક હાલત જોઈને તેમના વિશે વિચાર કરવાનું કોઈને ભાગ્યે જ સૂઝે છે.

મધર ટેરેસા સંચાલિત મિશનરીઝ ઑફ ચેરિટી ગૃહમાં કે અન્ય કોથોલિક ડેસ્ટિટ્યૂટ હોમમાં રસ્તામાંથી મળતા અત્યંત નિરાધાર અને તરછોડાયેલા લોકોને આશરો આપવામાં આવે છે. જો તેઓ શારીરિક તકલીફોથી પીડાતા હોય કે અત્યંત દુર્દશામાં રહેતા હોય તો જ તેમને અહીં આધાર મળે છે. જો કોઈ વ્યક્તિ માનસિક રીતે અસ્વસ્થ, અર્ધપાગલ કે અસ્થિર મગજની તેમ જ આક્રમક હોય તો તેવી વ્યક્તિઓને તેમના નસીબને સહારે જ છોડવામાં આવે છે. મનોચિકિત્સક તરીકે રોજબરોજ નજરે ચઢતી આવી અનેક વ્યક્તિઓની સાથે થતા અમાનવીય વ્યવહારને જોઈને તેમને માટે કંઈક કરવાની ઈચ્છાથી વટવાની દંપતીએ બોરીવલીમાં શ્રદ્ધા રિહેબિલિટેશન ફાઉન્ડેશનની શરૂઆત કરી. હજી બે વર્ષ પહેલાં શ્રદ્ધા રિહેબિલિટેશન ફાઉન્ડેશનનું રજિસ્ટ્રેશન કરાવ્યું ત્યારે ડૉ. વટવાનીના કહેવા પ્રમાણે 'ચેરિટી કમિશનરે કોઈ પણ જાતની ભલામણ વિના જ અનુમતિ આપી દીધી અને ત્યારે જ અમને ખબર પડી કે આખા દેશમાં આવી કોઈ જ કાર્યનાં અન્ય ક્ષેત્રમાં તમારી ભાવના કે મદદ કામ લાગે પણ આમાં તો ભણતર અને ભાવના બેય જોઈએ.'

મગજમાં થતી જૈવ રાસાયણિક ખામીને કારણે કેટલાક રાસાયણિક અંતઃસ્રાવોનું સંતુલન ખોરવાય છે, જેને કારણે કેટલીક વ્યક્તિઓ સ્કિઝોફ્રેનિયા, ડિપ્રેશન, મેનિક ડિપ્રેસિ. ઈલનેસ તથા ગંભીર માનસિક અસ્થિરતા (સાઈકોસીસ)નો ભોગ બને છે. માનસિક અસ્થિરતામાં વળી કૌટુંબિક પરિસ્થિતિ, નોકરી, ભણતર તથા વ્યવસાયના કેટલાક તાણભર્યા સંજોગો પણ ભળે છે. જેને કારણે આવી વ્યક્તિઓ માનસિક સંતુલન ખોઈ બેસે છે અને અવાસ્તવિક દુનિયામાં જીવવા માંડે છે. રસ્તા પર રઝળતા આવા દર્દીઓ કંઈક બબડતા રહે છે, અસ્પષ્ટ ઉચ્ચારો કરતા રહે છે અને પોતાના જ ખ્યાલમાં ખોવાયેલા રહે છે. મોટા ભાગના લોકો કચરો ખાઈને જીવે છે. આવા દર્દીઓને મનોચિકિત્સાની ખાસ જરૂર હોય છે, પણ તેમના આક્રમક તથા વિચિત્ર વર્તનને કારણે તેમને આશરો આપવા કોઈ તૈયાર થતું નથી.

ડૉ. વટવાની દંપતીએ સાઈકિયાટ્રીનો અભ્યાસ કર્યો ત્યાર બાદ ડૉ. ભરત વટવાનીએ સ્વતંત્ર પ્રેક્ટિસ શરૂ કરી. જ્યારે ડૉ. સ્મિતાએ કૂપર હૉસ્પિટલમાં લૅક્ચરર તરીકે નોકરી સ્વીકારી. શરૂઆતમાં તેઓ માત્ર આઉટડોર દર્દીઓને જ તપાસતા તથા ગંભીર માનસિક અવસ્થાવાળા દર્દીઓને અન્ય પ્રાઈવેટ નર્સિંગ હોમમાં દાખલ કરતા, પણ પાછળથી ભાડાની જગ્યા લઈ તેમણે પોતાનું નર્સિંગ હોમ શરૂ કર્યું. ડૉ. ભરત કહે છે, 'દારૂના વ્યસનીઓ, નશીલા પદાર્થના બંધાણીઓ તથા અન્ય સામાજિક ક્ષેત્રે ઘણાં કામ થાય છે, પણ મનોચિકિત્સાના ચોક્કસ ક્ષેત્રમાં કોઈ કામ થતું નથી. એક મનોચિકિત્સક તરીકે મારી આંખ સામે અનેક કિસ્સાઓને હું જોઉં ત્યારે પોતાના કોઈ પણ વાંક વિના દુર્વ્યવહારનો ભોગ બનતા લોકોનું દુઃખ મને પોતાનું જ લાગે એટલે એ લોકો માટે કંઈક કરવું જોઈએ તેવી ઈચ્છા થાય.' અત્યાર સુધી છેલ્લાં છ વર્ષમાં શ્રદ્ધા રિહેબિલિટેશન ફાઉન્ડેશનમાં ૨૦૦ જેટલા માનસિક અસ્વસ્થતા ધરાવતા નિરાધાર દર્દીઓ સારવાર લઈ ચૂક્યા છે, જેમાંના ૪૦ જેટલા દર્દીઓને અહીંના સામાજિક કાર્યકર્તા તથા ડૉક્ટરો દ્વારા જાતે જ તેમના ઘરે પહોંચાડવામાં આવ્યા છે. બાકીના ૧૫૦ જેટલા દર્દીઓને તેમનાં સગાંવહાલાં આવીને લઈ ગયાં છે. બાકીના દર્દીઓને ડેસ્ટિટ્યૂટ હોમમાં દાખલ કરાયા છે.

અહીં સારવાર લઈને સ્વસ્થ થતા દર્દીઓનો પોતાના કુટુંબીજનો સાથેનો મેળાપ એકદમ સુખદ હોય છે. રાવલમ્મા નામની એક મહિલા ડૉ. સ્મિતાને ત્રણચાર મહિના શ્રદ્ધામાં સારવાર લીધા બાદ તેણે પોતાના ગામનું નામ વર્ધમાન કોટા છે એવું જણાવ્યું, બસમાં તેઓ બેઠાં ત્યારે બસમાં બેઠેલા લોકોએ જ રાવલમ્માને ઓળખી કાઢી. તેઓ ગામમાં પહોંચ્યાં કે તરત આખું ગામ જમા થઈ ગયું. ત્યાં પહોંચ્યા બાદ એનાં બે બાળકોને લઈને ક્યાંક જતો રહ્યો છે. અત્યંત ગરીબ એવા આ ગામના લોકોએ ડૉ. સ્મિતાનો ભારે આદરસત્કાર કર્યો અને ત્યાંના સરપંચના ઘરે એક રાત્રિનું રોકાણ કરવાની ફરજ પાડી. આવો જ એક અનુભવ ડૉ. ભરતને પણ થયો છે. બોરીવલીની અજંટા ટોકીઝ પાસે અત્યંત કંગાળ હાલતમાં ફરતી ૨૩ વર્ષીય પદ્મા માનસિક અસ્થિરતાને કારણે છસાત વર્ષથી ઘરમાંથી બહાર નીકળી ગઈ હતી. જ્યારે તેને શ્રદ્ધામાં લવાઈ ત્યારે તેના શરીરમાં માત્ર હાડકાં જ બચ્યાં હતાં. ત્રણ મહિના સારવાર લીધા બાદ તેણે પોતાના ગામનું નામ મુલુગુ છે એવું જણાવ્યું. ડૉ. ભરતે નક્શામાં આ ગામનું સ્થાન જોયું અને જાતે જ તેને મૂકવા ગયા. નસીબ જોગે તેની માતા આ નાનકડા ગામમાં મળી ગઈ. તેના પિતા થોડા સમય પહેલાં જ ગુજરી ગયા હતા એટલે પોતાની એકની એક દીકરીને મળીને તેની માતા ખુશ થઈ ગઈ.



સાજી થયેલી રાવલમ્માને ઘેર મૂકવા ડૉ. સ્મિતા મોટવાની જાતે ગયાં હતાં.



આંધ્ર પ્રદેશની પદ્મા સાજી થઈ તે પછી ડૉ. ભરત તેને વતન જાતે જઈને મૂકી આવ્યા.



દહિસરમાં નગ્ન ફરતી રાની ક્યાંથી આવી તેનો કોઈ પત્તો નથી.



રત્નાગિરિનો પાંડુરંગ ગાંડાની હૉસ્પિટલમાંથી ભાગીને મુંબઈ આવી ગયો હતો.

શ્રદ્ધા રિહેબિલિટેશન ફાઉન્ડેશનમાં આવતાદર્દીઓ દેશભરમાંથી મુંબઈ આવી ચઢેલા માનસિક રોગના શિકાર હોય છે. આ દર્દીઓને અહીં લાવ્યા બાદ શરૂઆતમાં સારું ખાવાનું, વિટામિનની ગોળીઓ તથા માનસિક રોગ અંગેની દવાઓ અપાય છે. ત્યાર બાદ તેમને શારીરિક સુઘડતા શીખવવામાં આવે છે. બેત્રણ અઠવાડિયાં બાદ તેમની ટ્રીટમેન્ટ શરૂ કરાય છે. કેટલાક કિસ્સાઓમાં દર્દીઓ પર ઝડપથી સારવારની અસર થાય છે, જ્યારે કેટલાક દર્દીઓ દ્વારા આ અંગે કોઈ પ્રતિભાવ ન મળે એવુંય બને છે.

ફાઈન આર્ટ્સના વિષયમાં અનુસ્નાતક થયેલો હેમંત ઠાકરે જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં પ્રોફેસર હતો. અચાનક કથળેલી માનસિક અવસ્થાને કારણે તેનું વર્તન પાગલ જેવું થઈ ગયું. જેને કારણે તેને નોકરીમાંથી પાણીચું પકડાવાયું. લાંબી દાઢી, વીખરાયેલા વાળ અને અસ્તવ્યસ્ત પોશાક પહેરેલો હેમંત જહાંગીર આર્ટ ગૅલેરીની બહાર બેસી રહેતો. તેનાં માબાપ અમરાવતી રહેતાં હતાં. હેમંતના વિદ્યાર્થીઓ તેને ખાવાનું આપતા. આવું આઠ મહિના ચાલ્યું, પણ પાછળથી તેને ત્યાંથી ઉઠાવીને શ્રદ્ધા રિહેબિલિટેશન ફાઉન્ડેશનમાં લવાયો. શરૂઆતમાં તો તેની હાલત બહુ ખરાબ હતી. તેને બાંધીને રાખવો પડતો, પણ ધીમે ધીમે દવાની અસર અને સાઈકિયાટ્રિક સારવાર હેઠળ તેણે પોતાનું 'મૂળસ્વરૂપ પાછું મેળવ્યું. શ્રદ્ધાના ડૉ. ભરત વટવાની દ્વારા સેક્રેટરી ઑફ એજ્યુકેશન શ્રીમતી કુમુદ બંસલનો સંપર્ક સાધીને હેમંત ઠાકરેની માનસિક સ્વસ્થતા અંગે જાણ કરાઈ. આજે હેમંત ઠાકરે, જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં કાયમી સ્ટાફર તરીકે નોકરી કરે છે.

ત્યારે દહિસરમાં દારૂની ભઠ્ઠીમાં કામ કરતો. રાતદિવસ કાળી મજૂરી કરતા સદાદેવને મગજનો ટીબી થયો અને ઑર્ગેનિક સાઈકોસીસ તરીકે ઓળખાતા આ રોગને કારણે તેનું માનસિક સંતુલન ખોરવાઈ ગયું. અત્યંત આક્રમક બની ગયેલા સદાદેવને સ્થાનિક લોકો દ્વારા શ્રદ્ધામાં લવાયો ત્યારે તેને બાંધી રાખવો પડતો. ત્રણ મહિના સુધી તેની સારવાર કરવામાં આવી. ટીબી માટે અન્ય કન્સલ્ટન્ટને પણ બતાવવામાં આવ્યું. હવે સદાદેવની તબિયત ઠીક છે. સદાદેવ કહે છે, 'હું હવે અહીં રહેવા માગતો નથી. ગામડે જઈને ડાંગરની ખેતી કરીશ અને માબાપની સેવા કરીશ.' જોકે સદાદેવ ગામ ગયા બાદ જો નિયમિત દવા ન લે તો તેની તબિયતમાં જોઈએ તેવો સુધારો ન થાય એવુંય બને. અહીંથી તેને છ મહિના સુધી ચાલે તેટલી દવા આપવામાં આવશે જેથી આ અંગે તેને કોઈ તકલીફ ન પડે.

૨૨ વર્ષીય કૂચો સાવોનો કિસ્સો એકદમ વિચિત્ર હતો. બોરીવલી સ્ટેશન પરથી મળી આવેલા આ બિહારના રહેવાસીનો સ્કિઝોફ્રેનિયાનો ટિપિકલ કેસ હતો. એક હાથમાં મોજું, એક પગમાં બૂટ, બીજા પગમાં સ્લીપર, પાંચ-છ શર્ટ અને અંદર શ્રીદેવીનો ફોટો લઈને ફરતા આ માણસે તેના ગળાની ફરતે એક રબરબેન્ડ એવું કસીને બાંધ્યું હતું કે ત્યાં પાકી જવાથી પરુ નીકળતું હતું, જેને કારણે તીવ્ર દુર્ગંધ પણ આવતી હતી. કૂચો સાવોની સારવાર લગભગ ત્રણ મહિના ચાલી, પણ તેની પાસે પોતાનું પોસ્ટલ એડ્રેસ ન હતું. માત્ર બિહારના બરૌનીનો વતની છે એવું તે કહેતો. કૂચો સાવો જ્યારે હૉસ્પિટલમાં હતો એ દરમિયાન જ શાકીબ આલમનાં સગાંઓ તેને લેવા આવ્યાં. જેમણે બિહાર જઈને કૂચો સાવોનાં સગાંઓની ભાળ કાઢી અને આમ આવા યોગાનુયોગથી કૂચો સાવોને તેના ઘરે મોકલી અપાયો.

૨૫ વર્ષીય સરોજ રાજભવ બોરીવલીના એલ. ટી. રોડ પર ભટકતી અવસ્થામાં મળી આવી હતી. તેને ખાવાપીવાની કોઈ પડી ન હતી તથા આખો દિવસ તે કંઈક બડબડાટ કરતી રહેતી. પાછળથી તે આક્રમક બની હતી તથા રસ્તે આવતાજતા રાહદારીઓ પર હુમલો કરતી હતી. શ્રદ્ધાના સામાજિક કાર્યકર્તાઓ દ્વારા તેને રિહેબિલિટેશન ફાઉન્ડેશનમાં લાવવામાં આવી. થોડાક મહિનાની સારવાર બાદ તેણે પોતાનું ઠામઠેકાણું આપ્યું ત્યારે ખબર પડી કે તેના પિતા પશ્ચિમ બંગાળમાં આસનસોલમાં રેલવેમાં મોટરમેન હતા. સરોજને આસનસોલ લઈ જવામાં આવી. તેના ઘરના સભ્યો સાથે વાતો કરતાં ખબર પડી કે તે છેલ્લાં બે વર્ષથી ઘરમાંથી ગાયબ હતી. તે પરિણીત હતી અને તેનાં ત્રણ બાળકો હતાં. તે એક દિવસ તેના પતિ સાથે દિલ્હી ફરવા ગઈ ત્યારે એક બાળકીને લઈને ત્યાંથી નીકળી ગઈ. દિલ્હીથી તે ગુજરાતમાં આવી. ત્યાં કોઈએ તેની પાસેથી તેની બાળકીને લઈ લીધી. ત્યાંથી તે મુંબઈમાં આવી. સરોજની માનસિક સ્થિતિને કારણે તેનો પતિ તેને છોડીને જતો રહ્યો. સરોજનાં માતાપિતાએ મુંબઈ આવીને તેની ખોવાયેલી બાળકીનો પત્તો મેળવવાની ખૂબ કોશિશ કરી, પણ આ બાળકીની હજી કોઈ ખબર મળી નથી. સરોજ અત્યારે પોતાનાં બે બાળકો સાથે તેનાં માતાપિતા સાથે રહે છે.

ડૉ. ભરતના મતે, રસ્તા પર સાવ એકાકીપણે રખડતા, આટલી ભીડમાં છતાં સાવ જ એકલા આ